**<u>અસ્વીકરણ:</u>** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

=================================================

**અમદાવાદ સ્થિત ગુજરાત હાઈકોર્ટ સમક્ષ**
**આર/સિવિલ રીવિઝન એપ્લીકેશન નં. ૧૧/૨૦૨૩**
**[આર/સી.આર.એ./૧૧/૨૦૨૩ માં તા. ૧૫/૧૦/૨૦૨૫ ના હુકમની કાર્યવાહી નોંધ પર]**

=================================================

સપ્લેન્ડિડ ઇન્ફ્રાબિલ્ડ એલ.એલ.પી. અને અન્યો

વિરુદ્ધ

મનુબેન નાનુભાઈ ભરવાડ અને અન્યો

=================================================

**ઉપસ્થિતિ:**
અરજીકર્તા(ઓ) નં. ૧, ૧.૧, ૧.૨ વતી શ્રી ધવલ શાહ (૨૩૫૪)
સામાવાળા(ઓ) નં. ૧, ૨, ૩, ૪, ૫, ૬ વતી શ્રી ડી.એમ. દેવનાની (૫૮૮૦)
સામાવાળા(ઓ) નં. ૧૦ તરફે પ્રકાશન થકી નોટીસ ઇશ્યુ
સામાવાળા(ઓ) નં. ૮ તરફે નોટીસની બજવણી
સામાવાળા(ઓ) નં. ૧૧, ૧૨, ૧૩.૧, ૧૩.૨, ૯ વતી પ્રત્યક્ષ બજવણી થકી નોટીસની બજવણી
સામાવાળા(ઓ) નં. ૧, ૨, ૩, ૪, ૫, ૬ વતી પ્રિતેશ એમ. શાહ (૮૪૦૫)
સામાવાળા(ઓ) નં. ૭.૧, ૭.૨, ૭.૩, ૭.૪, ૭.૫, ૭.૬ વતી શ્રીકાર એચ. ભટ્ટ

=================================================

કોરમ: **માનનીય ન્યાયમૂર્તિ સંજીવ જે. ઠાકર**

**તારીખ: ૧૬/૧૦/૨૦૨૫**

**ઓરલ જજમેન્ટ**

હાલની નોટ ફોર સ્પીકિંગ ટુ મિનિટ તારીખ ૧૫.૧૦.૨૦૨૫ ના રોજ પસાર કરવામાં આવેલ હુકમના અનુસંધાને દાખલ કરવામાં આવેલ છે, જે સદર હુકમમાં ફકરા: ૮૦ માં, અજાણતા "આથી, માત્ર તે કારણ સબબ તે ... કરવામાં આવે" તરીકે લખાણ થઈ ગયેલ છે.

નોટ ફોર સ્પીકિંગ ટુ મિનિટની વિગતો જોતા એવું જણાય છે કે, "આથી, માત્ર તે કારણ સબબ તે ... કરવામાં આવે" વાક્ય અજાણતા લખાઈ ગયેલ છે. તેને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને ફકરા: ૮૦ ને "૮૦. આ એટલા માટે પણ છે કારણ કે, જો વાદીઓ પેઢી મારફતે હકનો દાવો ન કરે, તો તેઓ દાવો માંડવાનો કોઈ હક મેળવતા નથી." તરીકે વાંચવામાં આવે. નોટ ફોર સ્પીકિંગ ટુ મિનિટ મંજૂર કરવામાં આવે છે અને તે મુજબ તેનો નિકાલ કરવામાં આવે છે. બાકીનો હુકમ યથાવત રહેશે. તે મુજબ નવી રીટ જારી કરવામાં આવે.

**(ન્યાયમૂર્તિ સંજીવ જે. ઠાકર)**

**અમદાવાદ સ્થિત ગુજરાત હાઇકોર્ટ સમક્ષ**
**આર/સિવિલ રીવિઝન એપ્લીકેશન નં. ૧૧/૨૦૨૩**

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય ન્યાયમૂર્તિ સંજીવ જે. ઠાકર**

==========================================================

| અહેવાલ કરવાની મંજૂરી | હા | ના |
|---|---|---|
| | હા | – |

==========================================================

સપ્લેન્ડિડ ઇન્ફ્રાબિલ્ડ એલ.એલ.પી. અને અન્યો

વિરુદ્ધ

મનુબેન નાનુભાઇ ભરવાડ અને અન્યો

==========================================================

**ઉપસ્થિતિ:**
અરજીકર્તા(ઓ) નં. ૧, ૧.૧, ૧.૨ વતી શ્રી ધવલ શાહ (૨૩૫૪)
સામાવાળા(ઓ) નં. ૧, ૨, ૩, ૪, ૫, ૬ વતી શ્રી ડી.એમ. દેવનાની (૫૮૮૦)
સામાવાળા(ઓ) નં. ૧૦ તરફે પ્રકાશન થકી નોટીસ ઇશ્યુ
સામાવાળા(ઓ) નં. ૮ તરફે નોટીસની બજવણી
સામાવાળા(ઓ) નં. ૧૧, ૧૨, ૧૩.૧, ૧૩.૨, ૯ વતી પ્રત્યક્ષ બજવણી થકી નોટીસની બજવણી
સામાવાળા(ઓ) નં. ૧, ૨, ૩, ૪, ૫, ૬ વતી પ્રિતેશ એમ. શાહ (૮૪૦૫)
સામાવાળા(ઓ) નં. ૭.૧, ૭.૨, ૭.૩, ૭.૪, ૭.૫, ૭.૬ વતી શ્રીકાર એચ. ભટ્ટ

==========================================================

કોરમ: **માનનીય ન્યાયમૂર્તિ સંજીવ જે. ઠાકર**

**તારીખ: ૧૫/૧૦/૨૦૨૫**

**ઓરલ જજમેન્ટ**

**વિષય સૂચિ**


| | | |
|---|---|---|
| **(૧)** | **પ્રસ્તાવના** | |
| (૨) | પ્રતિવાદી – અરજદારની રજૂઆતો | |
| (૩) | વાદી – સામાવાળાની રજૂઆતો | |
| (૪) | વિશ્લેષણ | |

| | | |
|---|---|---|
| (૧) | **પ્રસ્તાવના** | |
| | અરજનું કારણ | |
| | ભાગીદારી અધિનિયમની કલમ ૭૨(સી) | |
| | વાદીઓ દ્વારા વિશિષ્ટ પાલન માટેની સદર અરજ ટકવાપાત્ર નથી | |
| | આભાસી અરજનું કારણ | |
| | કાયદા દ્વારા પ્રતિબંધિત | |
| | વિશિષ્ટ પાલન મેળવવા માટેની મર્યાદા – અનુચ્છેદ ૫૪ | |
| | કલ્પિત જ્ઞાન | |
| | વાદીના હકનો આધાર અને ભાગીદારી અધિનિયમની કલમ ૬૯ | |
| | બાબતઃ કરારનું અંશતઃ પાલન અને આનુષંગિક દાદ | |
| (૫) | વાદી દ્વારા ટાંકવામાં આવેલ ચુકાદાઓ | |
| (૬) | નિષ્કર્ષ | |

**૧. પ્રસ્તાવના**

૧. નિયમ (Rule) તુરંત જ પરત કરવાપાત્ર. સંબંધિત પક્ષકારોના વિદ્વાન વકીલોએ નિયમની નોટિસની બજવણી જતી કરી છે.

૨. પક્ષકારોની સંમતિથી સદર બાબત આખરી સુનાવણી માટે લેવામાં આવી છે.

૩. હાલની રિવીઝન અરજી ૧૮મી સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ દ્વારા સિવિલ સ્યુટ નં. ૨૨૦/૨૦૨૦ માં પસાર કરવામાં આવેલ તારીખ ૨૧.૧૦.૨૦૨૨ ના હુકમને પડકારવા માટે દાખલ કરવામાં આવેલ છે, જે દ્વારા વિદ્વાન ટ્રાયલ કોર્ટે ધ કોડ ઓફ સિવિલ પ્રોસિજર, ૧૯૦૮

("સીપીસી") ના ઓર્ડર ૭ રૂલ ૧૧ ની જોગવાઈઓ હેઠળ ફાઇલ કરવામાં આવેલ આંક ૮૦ નીચેની અરજી નામંજૂર કરી હતી.

૪. સરળતા માટે, પક્ષકારોનો ઉલ્લેખ વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષની તેમની સ્થિતિ મુજબ કરવામાં આવેલ છે.

૫. હાલની રિવીઝન અરજી તરફ દોરી જતી ટૂંકી હકીકતો નીચે મુજબ છે.

૬. વાદીઓએ સિવિલ સ્યુટ નં. ૨૨૦/૨૦૨૦ સંસ્થિત કરેલ છે, જેમાં દલીલ કરી છે કે તારીખ ૦૪.૦૬.૨૦૦૩ ના ભાગીદારી દસ્તાવેજ હેઠળ, વાદીઓના પિતા અને પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૬ ના પિતાએ તિરૂપતિ કોર્પોરેશનના નામે એક ભાગીદારી પેઢીની રચના કરી હતી. બંને મૂળ ભાગીદારોના અવસાન પર, અને સદર ભાગીદારી દસ્તાવેજની કલમ ૧૨ ની શરતો મુજબ, વાદીઓ અને પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૬ સદર પેઢીના ભાગીદારો બન્યા. વાદીઓએ એવી જાહેરાત માંગતી અરજી દાખલ કરી છે કે, તારીખ ૧૯.૧૨.૧૯૮૩ ના કરાર મુજબ, તેઓ સદર મિલકતમાં અવિભાજ્ય હિસ્સો ધરાવે છે અને વધુમાં એવી સૂચના આપવા માટે અરજ કરી છે કે પ્રતિવાદી નં. ૩ અને ૪ એ સદર મિલકતના સંબંધમાં વાદીઓની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરી આપવો. વાદીઓએ પ્રતિવાદી નં. ૪ દ્વારા પ્રતિવાદી નં. ૫ ની તરફેણમાં કરવામાં આવેલ તારીખ ૧૮.૧૧.૨૦૦૩ ના વેચાણ દસ્તાવેજને, તેમજ પ્રતિવાદી નં. ૧ અને ૨ દ્વારા પ્રતિવાદી નં. ૬ ની તરફેણમાં કરવામાં આવેલ તારીખ ૧૪.૧૧.૨૦૦૮ ના વેચાણ દસ્તાવેજને પડકારવા માટે પણ દાદ માંગી

છે. સદર મિલકતના સંબંધમાં કાયમી મનાઈ હુકમ માટે પણ અરજ કરવામાં આવી હતી. ત્યારબાદ, પ્રતિવાદી નં. ૭ અને ૮ ને પક્ષકારો તરીકે જોડવામાં આવ્યા હતા, કારણ કે પ્રતિવાદી નં. ૭ એ તારીખ ૨૬.૦૭.૨૦૧૯ ના રોજ સદર મિલકતનો એક ભાગ ખરીદ્યો હતો, અને પ્રતિવાદી નં. ૮ એ તારીખ ૨૦.૦૨.૨૦૨૧ ના રોજ અન્ય ભાગ ખરીદ્યો હતો. પ્રતિવાદી નં. ૭ એ ત્યારબાદ ધ કોડ ઓફ સિવિલ પ્રોસિજર ના ઓર્ડર ૭ રૂલ ૧૧(ડી) હેઠળ એવી દલીલ કરતી અરજી દાખલ કરી કે સદર અરજી ટકવાપાત્ર નથી કારણ કે (૧) તે ધ ઈન્ડિયન પાર્ટનરશીપ એક્ટ, ૧૯૩૨ ની કલમ ૬૯ દ્વારા પ્રતિબંધિત છે, (૨) તે મર્યાદા દ્વારા પ્રતિબંધિત છે, અને (૩) વાદીઓ પાસે હાલની અરજી દાખલ કરવા માટે અરજનું કોઈ કારણ નથી. દાવો અને તેની સાથે જોડેલા દસ્તાવેજોને ધ્યાનમાં લેતા, વિદ્વાન ટ્રાયલ કોર્ટે, તારીખ ૨૧.૧૦.૨૦૨૨ ના હુકમ દ્વારા, સદર અરજી ફગાવી દીધી હતી. તેનાથી વ્યથિત થઈને, હાલની રિવીઝન અરજી દાખલ કરવામાં આવેલ છે.

## ૨. પ્રતિવાદી – અરજદારની રજૂઆતો

૭. વિદ્વાન સિનિયર એડવોકેટ શ્રી ધવલ દવેએ રજૂઆત કરી છે કે ધ કોડ ઓફ સિવિલ પ્રોસિજર ના ઓર્ડર ૭ રૂલ ૧૧ હેઠળની અરજી ત્રણ મુખ્ય કારણો પર આધારિત છે: (૧) સદર અરજી ધ ઈન્ડિયન પાર્ટનરશીપ એક્ટ, ૧૯૩૨ ની કલમ ૬૯ હેઠળ પ્રતિબંધિત છે, (૨) દાવો મર્યાદાના

કાયદા દ્વારા પ્રતિબંધિત છે, અને (૩) વાદીઓ પાસે અરજી સંસ્થિત કરવાનો કોઈ કાયદેસરનો હક કે લોકસ નથી.

૮. પ્રથમ રજૂઆત પર, એટલે કે સદર અરજી ધ ઈન્ડિયન પાર્ટનરશીપ એક્ટ, ૧૯૩૨ ની કલમ ૬૯ દ્વારા પ્રતિબંધિત છે, પ્રતિવાદી માટેના વિદ્વાન સિનિયર એડવોકેટે દાવાના કોઝ ટાઈટલ પર આધાર રાખીને વિગતવાર દલીલો રજૂ કરી છે. એ નિર્દેશ કરવામાં આવ્યો છે કે વાદીઓએ પોતાનું વર્ણન મૂળ ભાગીદારોમાંના એક, એટલે કે નાનુભાઈ રણછોડભાઈ ભરવાડના કાયદેસરના વારસદારો તરીકે કર્યું છે, જ્યારે પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૬ નું વર્ણન અન્ય ભાગીદાર, એટલે કે મણિભાઈ છગનભાઈ પટેલના કાયદેસરના વારસદારો તરીકે કરવામાં આવ્યું છે.

૯. એવી રજૂઆત કરવામાં આવી છે કે સદર ભાગીદારી દસ્તાવેજનું અવલોકન કરતા જણાશે કે તિરૂપતિ કોર્પોરેશન પેઢીમાં માત્ર બે જ ભાગીદારો હતા. હાલની અરજીમાં વાદીઓએ, પોતાને સદર પેઢીના ભાગીદારો તરીકે ગણાવતા, સદર ભાગીદારી દસ્તાવેજમાંથી ઉદ્‌ભવતી દાદ માંગી છે. એવી વિનંતી કરવામાં આવી છે કે, સદર અરજી એવા આધાર પર ચાલે છે કે વાદીઓ, તિરૂપતિ કોર્પોરેશનના ભાગીદારો તરીકે, તારીખ ૧૯.૧૨.૧૯૮૩ ના કરારના વિશિષ્ટ પાલન માટે હકદાર છે, જે પ્રતિવાદી નં. ૪ દ્વારા સદર પેઢીની તરફેણમાં કરવામાં આવ્યો હતો.

૧૦. એવી દલીલ કરવામાં આવી છે કે, ધ ઈન્ડિયન પાર્ટનરશીપ એક્ટ, ૧૯૩૨ ની કલમ ૬૯(૧) ની જોગવાઈઓને ધ્યાનમાં લેતા, બિન–

નોંધાયેલ પેઢીના ભાગીદારો તરીકે દાવો માંડતા વાદીઓ પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૬ વિરુદ્ધ હાલની અરજી ચલાવી શકે નહીં, જેઓ પણ તિરૂપતિ કોર્પોરેશનના ભાગીદારો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. વાદીઓએ પ્રતિવાદી નં. ૩ અને ૪ વિરુદ્ધ માત્ર તેમની પોતાની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરી આપવા માટે સૂચના માંગી છે, જોકે તેઓ સદર મિલકતમાં કોઈ સ્વતંત્ર કે વ્યક્તિગત હક ધરાવતા નથી. તેમની માંગણી, એવી રજૂઆત કરવામાં આવી છે કે, સંપૂર્ણપણે ભાગીદારી પેઢી દ્વારા કરવામાં આવેલ તારીખ ૧૯.૧૨.૧૯૮૩ ના કરાર પર આધારિત છે.

૧૧. વધુમાં એવી દલીલ કરવામાં આવી છે કે, જોકે વાદીઓએ અન્ય ભાગીદારો, એટલે કે પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૬ વિરુદ્ધ કોઈ વિશિષ્ટ દાદ માંગી નથી, તેમ છતાં માંગવામાં આવેલી દાદની અસર એ છે કે વાદીઓ તિરૂપતિ કોર્પોરેશનના ભાગીદારો તરીકે પોતાની તરફેણમાં સદર કરારના વિશિષ્ટ પાલનની માંગ કરે છે. સદર પેઢી બિન-નોંધાયેલ છે તેવી સ્વીકૃત સ્થિતિને જોતા, વિદ્વાન સિનિયર એડવોકેટના જણાવ્યા અનુસાર, સદર અરજી સીધી રીતે ધ ઈન્ડિયન પાર્ટનરશીપ એક્ટ, ૧૯૩૨ ની કલમ ૬૯(૧) હેઠળ આવે છે, અને તેથી કાયદામાં ટકવાપાત્ર નથી.

૧૨. પ્રતિવાદી માટેના વિદ્વાન સિનિયર એડવોકેટ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવી છે કે વાદીઓએ તારીખ ૧૯.૧૨.૧૯૮૩ ના કરારમાંથી ઉદ્ભવતા હકો પ્રતિવાદી નં. ૨ થી ૮ વિરુદ્ધ અમલમાં મૂકવાની માંગ કરી છે, જેઓ સ્વીકૃત રીતે તિરૂપતિ કોર્પોરેશન પેઢીના ભાગીદારો નથી અને

સદર વ્યવહાર માટે સંપૂર્ણપણે અજાણ્યા છે. પેઢી બિન–નોંધાયેલ હોવાથી, પેઢી વતી કરારબદ્ધ હકો અમલમાં મૂકવાનો આવો કોઈપણ પ્રયાસ ધ ઈન્ડિયન પાર્ટનરશીપ એક્ટ, ૧૯૩૨ ની કલમ ૬૯ હેઠળ સ્પષ્ટપણે પ્રતિબંધિત છે, અને તેથી અરજી કાયદા દ્વારા પ્રતિબંધિત હોવાથી નકારી કાઢવાને પાત્ર છે.

૧૩. તદુપરાંત, એવી વિનંતી કરવામાં આવી છે કે વાદીઓએ તારીખ ૧૪.૧૧.૨૦૦૮ ના વેચાણ દસ્તાવેજને પડકારતી દાદ માટે પણ અરજ કરી છે. સદર વેચાણ દસ્તાવેજ, જોકે, ભાગીદારી પેઢી દ્વારા જ તેના ભાગીદાર, એટલે કે પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૬ ના પિતા દ્વારા કરવામાં આવ્યો હતો. તેથી, સદર અરજી સારાંશમાં બિન–નોંધાયેલ પેઢી દ્વારા કરવામાં આવેલા વ્યવહારોમાંથી ઉદ્ભવતા કરારબદ્ધ હકોના અમલીકરણની માંગણી કરે છે. ધ ઈન્ડિયન પાર્ટનરશીપ એક્ટ, ૧૯૩૨ ની કલમ ૬૯ માં સમાવિષ્ટ વૈધાનિક પ્રતિબંધને જોતા, આવી અરજી ટકવાપાત્ર નથી અને શરૂઆતમાં જ નિષ્ફળ જવી જોઈએ.

૧૪. પ્રતિવાદી માટેના વિદ્વાન સિનિયર એડવોકેટે ફારુક વિ. સંધ્યા એન્થ્રેપર, (૨૦૧૮) ૧૨ એસ.સી.સી. ૫૮૦ ના કેસમાં આપેલા ચુકાદા પર આધાર રાખ્યો છે, ખાસ કરીને ફકરા: ૫ અને ૬ જે નીચે મુજબ છે:

> "૫. પક્ષકારો વતી હાજર રહેલા વિદ્વાન સિનિયર કાઉન્સેલને સાંભળ્યા પછી, એ સ્પષ્ટ છે કે દાવાએ, સમગ્ર રીતે વાંચતા, ભાગીદારી દસ્તાવેજની કલમ ૨૫(ડી) પર આધાર રાખ્યો છે જે

ખાસ જણાવે છે કે પેઢીનો કોઈ ભાગીદાર અન્ય ભાગીદારોની લેખિત સંમતિ વિના પેઢીની સ્થાવર મિલકત ટ્રાન્સફર કરવા માટે હકદાર રહેશે નહીં. દાવો આગળ જણાવે છે કે સદર અનુસૂચિત મિલકત પેઢીના ભંડોળમાંથી વિકાસ અને વેચાણના હેતુ માટે ખરીદવામાં આવી હતી. ફકરા ૧૧ માં, વાદીઓને જાણવા મળ્યું કે પ્રથમ પ્રતિવાદી દ્વારા વેચાણ દસ્તાવેજ કરવામાં આવ્યો છે. ખાસ જણાવવામાં આવ્યું છે કે વાદીઓએ ક્યારેય તેના માટે સંમતિ આપી ન હતી અને પ્રથમ પ્રતિવાદી પાસે પેઢીની કોઈપણ સ્થાવર મિલકત વેચવાની કોઈ સત્તા નથી."

"૬. દાવાએ, સમગ્ર રીતે વાંચતા, એ બાબતમાં કોઈ શંકા રહેતી નથી કે અરજીનો આધાર તારીખ ૨૯–૧૨–૧૯૯૫ ના ભાગીદારી દસ્તાવેજની કલમ ૨૫(ડી) સાથે વંચાણે લેતા ભાગીદારી અધિનિયમની કલમ ૬૯ છે. દાવાનો ફકરો ૧૮ આ બાબતને આગળ વધારતો નથી કારણ કે એકમાત્ર વાક્ય જેના પર સંભવિત રીતે આધાર રાખી શકાય તેમ હતો, અને જેના પર હાઈકોર્ટે આધાર રાખ્યો હતો, તે એ છે કે વાદીઓ ભાગીદારી પેઢીથી સ્વતંત્ર રીતે પણ અરજી દાખલ કરવા માટે હકદાર છે. અરજીનો આધાર ભાગીદારીની હકીકત હોવાનું જણાયા પછી અને ભાગીદારી દસ્તાવેજની કલમ ૨૫(ડી) પર આધાર રાખ્યા પછી, એ સ્પષ્ટ છે કે ટ્રાયલ કોર્ટે યોગ્ય રીતે શોધી કાઢ્યું હતું કે સદર અધિનિયમની કલમ ૬૯ નો પ્રતિબંધ આ કેસની હકીકતોમાં લાગુ પડતો હતો."

૧૫. પ્રતિવાદી માટેના વિદ્વાન સિનિયર એડવોકેટે શ્રી વેલજી નારાયણ પટેલ વિ. શ્રી જયંતી લાલ પટેલ, એ.આઈ.આર. ૨૦૦૯ કેલ. ૧૬૪ માં અહેવાલ થયેલ ચુકાદા પર આધાર રાખ્યો છે, ખાસ કરીને ફકરો ૯, જે આ મુજબ વંચાય છે:

"૯. કલમ ૬૯ ની પેટા–કલમ (૧) ભાગીદાર અથવા ભાગીદાર વતી વ્યક્તિને ભાગીદાર તરીકે પેઢી વિરુદ્ધ કે જે વ્યક્તિ ભાગીદાર હોવાનું મનાય છે તેની વિરુદ્ધ દાવો માંડવા માટે અસમર્થ ઠેરવે છે જ્યાં સુધી પેઢી રજિસ્ટ્રાર ઓફ ફર્મ્સ પાસે નોંધાયેલ ન હોય. પેટા–કલમ (૨) તેવી જ રીતે પેઢીને ત્રીજા પક્ષ વિરુદ્ધ દાવો સંસ્થિત કરવા માટે અસમર્થ ઠેરવે છે જ્યાં સુધી પેઢી નોંધાયેલ ન હોય. પેટા–કલમ (૧) અને પેટા–કલમ (૨) વચ્ચેનું સામાન્ય લક્ષણ એ છે કે આવો દાવો કરારમાંથી ઉદ્ભવતા અથવા અધિનિયમ દ્વારા આપવામાં આવેલા હકના અમલીકરણને સંબંધિત હોવો જોઈએ. જો ભાગીદાર દ્વારા ભાગીદાર અથવા પેઢી વિરુદ્ધનો દાવો કરારમાંથી ઉદ્ભવતા હકના અમલીકરણને સંબંધિત ન હોય તો કોઈ કાયદેસરનો પ્રતિબંધ નથી કારણ કે કલમ ૬૯ ની પેટા–કલમ (૧) અથવા પેટા–કલમ (૨) નો હેતુ એ છે કે આવો દાવો કરારમાંથી ઉદ્ભવતા હકના અમલીકરણ સાથે સંબંધિત હોવો જોઈએ. અરજીના દાવાનું અવલોકન કરતા સ્પષ્ટ જણાય છે કે વાદીએ કરારમાંથી ઉદ્ભવતા તેના હકના અમલીકરણ માટે ભાગીદાર તરીકે અરજી સંસ્થિત કરી છે. દાવાની સમગ્ર વિગતો એવી જાહેરાત માટે છે કે વાદી ભાગીદારી વ્યવસાયના ૫૦ ટકા હિસ્સાનો માલિક છે અને એવી જાહેરાત માટે કે તે મેસર્સ ભગત એન્ડ કંપનીના નામ અને શૈલી હેઠળ સદર વ્યવસાયના ૫૦ ટકાનો આનંદ માણવા માટે હકદાર છે, હિસાબી ચોપડાઓ, હિસાબના પત્રો, બેલેન્સ શીટ અને અન્ય દસ્તાવેજો રજૂ કરવા માટે અને એવી જાહેરાત માટે કે પ્રતિવાદી વ્યવસાયમાં વાદીના નફાનો હિસ્સો વહેંચવા અને ચૂકવવા માટે જવાબદાર છે. વાદી તેની વ્યક્તિગત ક્ષમતામાં દાવો માંડતો નથી. દાવામાં માંગવામાં આવેલી દાદ મુખ્યત્વે તેના હકના અમલીકરણ માટે છે જે ભાગીદારી દસ્તાવેજમાં સમાવિષ્ટ છે જે પક્ષકારો વચ્ચે ૧૫મી

એપ્રિલ, ૨૦૦૦ ના રોજ કરવામાં આવ્યો હતો. આવી પરિસ્થિતિમાં, કલમ ૬૯ ની પેટા-કલમ (૧) ની જોગવાઈ દાવાને અસર કરતી જણાય છે. ઓર્ડર ૭, રૂલ ૧૧(ડી) માં સમાવિષ્ટ છે કે 'જ્યાં દાવામાં કરેલા કથન પરથી જણાય કે દાવો કોઈ કાયદા દ્વારા પ્રતિબંધિત છે'. દાવામાં એવો કેસ નથી કે પેઢી રજિસ્ટ્રાર ઓફ ફર્મ્સ પાસે નોંધાયેલ હતી."

૧૬. પ્રતિવાદીએ સુનકારી તિરુમાલા રાવ વિ. પેન્કી અરુણા કુમારી, ૨૦૨૫ એસ.સી.સી. ઓનલાઈન ૧૨૫ ના કેસમાં આપેલા ચુકાદા પર આધાર રાખ્યો છે, ખાસ કરીને ફકરા ૮ અને ૯ જે આ મુજબ વંચાય છે:

"૮. કલમ ૬૯ ની પેટા-કલમ (૧) અને (૨) વાંચતા એ સ્પષ્ટ થાય છે કે તે ફરજિયાત સ્વરૂપ ધારણ કરે છે. કલમ ૬૯(૧) બિન-નોંધાયેલ ભાગીદારી પેઢીના ભાગીદારો વચ્ચે, કરારમાંથી ઉદ્‌ભવતા અથવા અધિનિયમ દ્વારા આપવામાં આવેલા હકના અમલીકરણ માટેના દાવાને પ્રતિબંધિત કરે છે, સિવાય કે ભાગીદારો વચ્ચેનો દાવો ભાગીદારી પેઢીના વિસર્જન અને/અથવા હિસાબ રજૂ કરવાના સ્વરૂપમાં હોય. કલમ ૬૯(૨) બિન-નોંધાયેલ પેઢી દ્વારા કરારમાંથી ઉદ્‌ભવતા હકના અમલીકરણ માટે ત્રીજી વ્યક્તિઓ વિરુદ્ધ અરજી સંસ્થિત કરવા પર પ્રતિબંધ મૂકે છે. પરિણામે, બિન-નોંધાયેલ ભાગીદારી પેઢી દ્વારા દાખલ કરવામાં આવેલ દાવો અને તેમાંથી ઉદ્‌ભવતી તમામ કાર્યવાહીઓ, જે કલમ ૬૯ ના દાયરામાં આવે છે, તે હકુમત વગરની ગણાશે."

"૯. આ અદાલતે (૧૯૭૭) ૧ એસ.સી.સી. ૩૭૯ માં અહેવાલ થયેલ શેઠ લુનકરણ સેઠિયા અને અન્ય વિ. શ્રી ઇવાન ઇ. જોન અને અન્ય ના કેસમાં સ્પષ્ટપણે ઠરાવ્યું હતું કે કલમ ૬૯ ફરજિયાત સ્વરૂપની છે અને વાદી દ્વારા તેનામાં નિહિત હકના

સંબંધમાં સંસ્થિત કરવામાં આવેલ દાવો, જે હક તેને કરારના આધારે અને ભાગીદારી પેઢીના ભાગીદાર તરીકેની તેની ક્ષમતામાં પ્રાપ્ત થયો હતો, તે જો સદર પેઢી બિન–નોંધાયેલ હોય તો શૂન્ય ગણાશે. સંબંધિત અવલોકનો નીચે મુજબ છે:

> “૨૧. સદર કલમ પર એક નજર નાખતા જ એ જાણવા માટે પૂરતું છે કે તે ફરજિયાત સ્વરૂપની છે અને તેની અસર વાદી દ્વારા તેનામાં નિહિત અથવા કરાર હેઠળ તેણે મેળવેલા હકના સંબંધમાં કરેલા દાવાને શૂન્ય ઠેરવવાની છે, જે કરાર તેણે બિન–નોંધાયેલ પેઢીના ભાગીદાર તરીકે કર્યો હતો, પછી ભલે તે પેઢી અસ્તિત્વમાં હોય કે વિસર્જન પામેલ હોય. બીજા શબ્દોમાં કહીએ તો, ભૂતપૂર્વ બિન–નોંધાયેલ ભાગીદારી પેઢીનો ભાગીદાર ભાગીદારી અધિનિયમની કલમ ૬૯ ના દાયરામાં આવતા કરારમાંથી ઉદ્‌ભવતા હકના અમલીકરણ માટે દાવો માંડી શકે નહીં. હાલના કેસમાં, શેઠ સુગનચંદે અસ્પષ્ટ શબ્દોમાં સ્વીકારવું પડ્યું હતું કે પેઢી “સેઠિયા એન્ડ કંપની” ધ ઈન્ડિયન પાર્ટનરશીપ એક્ટ હેઠળ નોંધાયેલ ન હતી. એ પણ નકારી શકાય તેમ નથી કે જે દાવામાંથી અપીલો ઉદ્‌ભવી છે તે વાદી દ્વારા સેઠિયા એન્ડ કંપની, જે એક બિન–નોંધાયેલ પેઢી હતી, તેના ભાગીદાર તરીકે કરવામાં આવેલા કરારના અમલીકરણ માટે હતો. તેમ હોવાથી, સદર દાવો નિઃશંકપણે પેઢીના ફાયદા માટે અને હિતમાં હતો અને પરિણામે પેઢી વતીનો દાવો હતો. એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે વાદી દ્વારા ક્યારેય એવું રજૂ કરવામાં આવ્યું ન હતું, પ્રત્યુત્તરમાં પણ નહીં, કે તે વિસર્જન પામેલી પેઢીની બાકી રકમો વસૂલવા માટે દાવો માંડી રહ્યો છે. આમ, સદર દાવો સ્પષ્ટપણે ભાગીદારી

અધિનિયમની કલમ ૬૯ હેઠળ આવતો હતો અને ટકવાપાત્ર ન હતો."

૧૭. પથિક ઉદયન ભટ્ટ વિ. શક્તિ ઇન્ફોટેક અને અન્ય, ૨૦૨૪ એસ.સી.સી. ઓનલાઇન ગુજ. ૪૨૨૧ માં અહેવાલ થયેલ ચુકાદા પર પણ આધાર રાખવામાં આવ્યો છે, ખાસ કરીને ફકરો ૨૧ જે આ મુજબ વંચાય છે:

> "૨૧. અરજદારના વિદ્વાન વકીલની મદદથી, મેં વાદીઓ- સામાવાળાઓ દ્વારા દાખલ કરવામાં આવેલ રેગ્યુલર સિવિલ સ્યુટ નં. ૬૦૦/૨૦૧૬ ના દાવાનું અવલોકન કર્યું છે, જે આ અરજીના એનેક્ષર-બી પર છે, અને સમગ્ર દાવાનું અવલોકન કરતા, હું દાવામાં ક્યાંય પણ એક પણ એવું કથન શોધી શક્યો નથી કે સામાવાળા નં. ૧ એ એક નોંધાયેલ પેઢી છે, અને તેથી, મને અરજદારના વિદ્વાન વકીલ દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં તથ્ય જણાય છે કે સામાવાળાઓ દ્વારા દાવામાં તેમની પેઢી નોંધાયેલ પેઢી હોવા અંગેના કોઈપણ દાવાના અભાવે, અને તેના સમર્થનમાં તેમના દ્વારા કોઈપણ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા ન હોવાથી, સામાવાળાઓ દ્વારા સંસ્થિત કરવામાં આવેલ દાવો ધ ઇન્ડિયન પાર્ટનરશીપ એક્ટની કલમ ૬૯ ની જોગવાઈઓ હેઠળ આવે છે, અને જ્યારે દાવો કોઈપણ કાયદા દ્વારા પ્રતિબંધિત હોય, ત્યારે ઓર્ડર ૭, રૂલ ૧૧ ના ક્લોઝ (ડી) મુજબ, તેને શરૂઆતમાં જ ફગાવી દેવો જરૂરી છે."

૧૮. વાદીઓ માટે હાલની અરજી સંસ્થિત કરવા માટે અરજનું કોઈ કારણ ઉદ્‌ભવ્યું નથી તેવી રજૂઆતના સંબંધમાં, પ્રતિવાદી માટેના વિદ્વાન સિનિયર એડવોકેટ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી છે કે વાદીઓએ પોતે દાવામાં સ્પષ્ટપણે રજૂઆત કરી છે કે તારીખ ૦૧.૦૪.૧૯૮૨ ના

રોજ ભાગીદારી પેઢી તિરૂપતિ કોર્પોરેશનમાં માત્ર બે જ ભાગીદારો હતા, જેઓ ભાગીદારી મિલકતમાં ૫૦% હિસ્સો ધરાવતા હતા. વાદીઓ તારીખ ૦૪.૦૬.૨૦૦૩ ના ભાગીદારી દસ્તાવેજની કલમ ૧૩ ના આધારે સદર પેઢીના ભાગીદારો બન્યા હોવાનો દાવો કરે છે, જે એવી જોગવાઈ કરે છે કે ભાગીદારના મૃત્યુ પર, તેના કાયદેસરના વારસદારો, જો ઈચ્છતા હોય તો, પેઢીના ભાગીદારો તરીકે સામેલ કરી શકાય છે.

૧૯. વધુમાં એવી દલીલ કરવામાં આવી છે કે રેકોર્ડ સ્પષ્ટપણે સ્થાપિત કરે છે કે, વાદીઓના પિતા, જેઓ બે ભાગીદારોમાંના એક હતા, તેમનું અવસાન તારીખ ૨૩.૧૨.૨૦૧૦ ના રોજ થયું હતું. પરિણામે, એવી વિનંતી કરવામાં આવી છે કે માત્ર બે જ ભાગીદારો હોવાથી, તેમાંથી એકના અવસાન પર, ધ ઈન્ડિયન પાર્ટનરશીપ એક્ટ, ૧૯૩૨ ની કલમ ૪૨(સી) ના અમલ દ્વારા ભાગીદારી પેઢી આપોઆપ વિસર્જન પામી હતી. વિદ્વાન સિનિયર એડવોકેટે રજૂઆત કરી છે કે જો ભાગીદારી દસ્તાવેજમાં કાયદેસરના વારસદારોને ભાગીદારો તરીકે પ્રવેશ આપવાની પરવાનગી આપતી કલમ હોય તો પણ, આવી જોગવાઈ બેમાંથી એક ભાગીદારના મૃત્યુ પર વિસર્જનના વૈધાનિક પરિણામને બદલી શકે નહીં. માત્ર બે ભાગીદારોની બનેલી ભાગીદારી, એકના મૃત્યુ પર, કાયદેસર રીતે અસ્તિત્વ ધરાવતી પેઢી તરીકે ચાલુ રહી શકે નહીં, કે ત્યારબાદ કોઈ ત્રીજા પક્ષને તેમાં દાખલ કરી શકાય નહીં, કારણ કે આવા પ્રવેશને સમર્થન આપવા માટે ભાગીદારીનો કોઈ હયાત કરાર બાકી રહેતો નથી.

૨૦. તે આધારે, એવી દલીલ કરવામાં આવી છે કે વાદીઓ, જેઓ મૃતક ભાગીદારના કાયદેસરના વારસદારો હોવાનો દાવો કરે છે, તેઓ તિરૂપતિ કોર્પોરેશનના ભાગીદારો તરીકે કોઈ હકનો દાવો કરી શકે નહીં, કારણ કે તેમના પિતાના અવસાન પર પેઢી પોતે જ અસ્તિત્વમાં રહેતી બંધ થઈ ગઈ હતી. પરિણામે, વાદીઓ એવા પાયા પર હાલની અરજી સંસ્થિત કરી શક્યા ન હોત કે તેઓ સદર પેઢીના ભાગીદારો છે અથવા પેઢી સતત અસ્તિત્વમાં છે. તેથી ભારપૂર્વક એવી વિનંતી કરવામાં આવી છે કે દાવો વાદીઓની તરફેણમાં અરજનું કોઈ કારણ પ્રગટ કરતો નથી અને સદર દાવો, જે બિન-અસ્તિત્વ ધરાવતી ભાગીદારીના નામે દાવો માંડવાની કાયદેસરની ક્ષમતા ન ધરાવતી વ્યક્તિઓ દ્વારા દાખલ કરવામાં આવ્યો છે, તે ધ કોડ ઓફ સિવિલ પ્રોસિજર ના ઓર્ડર ૭ રૂલ ૧૧ હેઠળ નકારી કાઢવાને પાત્ર છે.

૨૧. પ્રતિવાદી માટેના વિદ્વાન સિનિયર એડવોકેટે વધુમાં દલીલ કરી છે કે દાવો મર્યાદા દ્વારા અત્યંત બાધિત છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે વાદીઓ તારીખ ૧૯.૧૨.૧૯૮૩ ના કરારના વિશિષ્ટ પાલનની સાથે પ્રતિવાદી નં. ૪ દ્વારા પ્રતિવાદી નં. ૫ ની તરફેણમાં કરવામાં આવેલ તારીખ ૧૮.૧૧.૨૦૦૩ ના વેચાણ દસ્તાવેજને રદ કરવાની અને પ્રતિવાદી નં. ૧ અને ૨ દ્વારા પ્રતિવાદી નં. ૬ ની તરફેણમાં કરવામાં આવેલ અન્ય તારીખ ૧૪.૧૧.૨૦૦૮ ના વેચાણ દસ્તાવેજને બાજુ પર રાખવાની જાહેરાત માંગે છે. એ નિર્દેશ કરવામાં આવ્યો છે કે તારીખ

૧૪.૧૧.૨૦૦૮ ના વેચાણ દસ્તાવેજનું અવલોકન કરતા જ સ્પષ્ટ થાય છે કે તે પેઢી તિરૂપતિ કોર્પોરેશનના ભાગીદારો દ્વારા જ કરવામાં આવ્યો હતો. તેથી, એવી રજૂઆત કરવામાં આવી છે કે વાદીઓ સદર વ્યવહારથી સંપૂર્ણપણે વાકેફ હતા, અને તેથી, અજ્ઞાનતા અથવા પછીના તબક્કે જાણકારી મળી હોવાની દલીલ ટકી શકે નહીં.

૨૨. પ્રતિવાદી માટેના વિદ્વાન સિનિયર એડવોકેટે એ પણ રજૂઆત કરી છે કે દાવાનું સામાન્ય વાંચન પ્રગટ કરશે કે વાદીઓ વર્ષ ૨૦૦૩ જેટલા જૂના વેચાણ દસ્તાવેજોને પડકારી રહ્યા છે, જ્યારે હાલની અરજી માત્ર વર્ષ ૨૦૨૦ માં સંસ્થિત કરવામાં આવી છે. એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે કે વાદીઓને વાદગ્રસ્ત વ્યવહારોની જાણ ક્યારે થઈ તે અંગે દાવો સંપૂર્ણપણે મૌન છે. રેકોર્ડ વધુમાં સૂચવે છે કે વાદીઓના પિતાનું વર્ષ ૨૦૧૦ માં અવસાન થયું હતું અને તેમણે પોતાના જીવનકાળ દરમ્યાન પણ તા.૧૫/૧૨/૧૯૮૩ વાળા કરારના વિશેષ અનુપાલનની માંગ કરી નહોતી.

૨૩. એવી રજૂઆત કરવામાં આવી છે કે વાદીઓએ, મર્યાદાના પ્રતિબંધમાંથી બચવા માટે, તારીખો અથવા ઘટનાઓના કોઈ ચોક્કસ અથવા નક્કર ખુલાસા વિના દાવામાં અસ્પષ્ટ અને સામાન્ય કથનો દાખલ કર્યા છે. એવી દલીલ કરવામાં આવી છે કે આવા અસ્પષ્ટ વિધાનો, કાયદા હેઠળ મર્યાદા વધારવા અથવા બચાવવા માટે અપૂરતા છે. અરજનું કારણ કેવી રીતે અને ક્યારે ઉદ્ભવ્યું, અથવા વાદીઓને કથિત રીતે વાદગ્રસ્ત

વ્યવહારોની જાણ ક્યારે થઈ તે પ્રગટ કરતા વિશિષ્ટ પ્લીડિંગ્સના અભાવે, સદર દાવો મર્યાદાની અંદર હોવાનું માની શકાય નહીં. આથી, એવી રજૂઆત કરવામાં આવે છે કે સદર દાવો મર્યાદાના કાયદા દ્વારા પ્રતિબંધિત હોવાથી નકારી કાઢવાને પાત્ર છે.

૨૪. તિરૂપતિ કોર્પોરેશન, સદર પેઢી દ્વારા સંયુક્ત રીતે સિવિલ સ્યુટ નં. ૧૪૩૫ / ૨૦૦૩ સંસ્થિત કરવામાં આવેલ હતો, જેમાં સામાવાળા નં. ૫ ને પણ પક્ષકાર તરીકે જોડવામાં આવ્યા હતા. સદર દાવામાં મનાઈ હુકમની દાદ માંગવામાં આવી હતી પરંતુ તેમાં તારીખ ૧૯.૧૨.૧૯૮૩ ના કરારના વિશિષ્ટ પાલન માટેની કોઈ અરજનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. વિદ્વાન સિનિયર એડવોકેટના જણાવ્યા અનુસાર, આ બાબત સ્પષ્ટપણે સ્થાપિત કરે છે કે છેક વર્ષ ૨૦૦૩ માં પણ પક્ષકારો સદર મિલકતને લગતા વેચાણ દસ્તાવેજોના અમલીકરણ અને વ્યવહારોથી વાકેફ હતા.

૨૫. એવી પણ દલીલ કરવામાં આવી છે કે વાદીઓનો સમગ્ર કેસ તારીખ ૧૯.૧૨.૧૯૮૩ ના કરાર પર આધારિત છે, જે સામાવાળા નં. ૩ અને ભાગીદારી પેઢી વચ્ચે કરવામાં આવ્યો હતો. જોકે, સામાવાળા નં. ૩ પોતે સદર મિલકતના માલિક ન હતા અને તેમણે સદર કરારના વિશિષ્ટ પાલન માટે સ્વતંત્ર રીતે સિવિલ સ્યુટ નં. ૨૨૩૧/૨૦૦૩ સંસ્થિત કર્યો હતો, જે આખરે ડિફોલ્ટના કારણે રદ કરવામાં આવ્યો હતો. તેથી, વિશિષ્ટ પાલન મેળવવા માટે અરજનું કારણ, જો કોઈ હોય તો, ભાગીદારી પેઢીની

તરફેણમાં છેક ૧૫.૧૨.૧૯૮૩ ના રોજ ઉદ્ભવ્યું હતું. હાલનો દાવો લગભગ સાડત્રીસ વર્ષના અતિશય વિલંબ બાદ માત્ર વર્ષ ૨૦૨૦ માં સંસ્થિત કરવામાં આવ્યો હોવાથી, તે સ્પષ્ટપણે મર્યાદા દ્વારા પ્રતિબંધિત છે, અને સદર દાવો માત્ર તે જ કારણોસર નકારી કાઢવાને પાત્ર છે.

૨૬. તે બાબતને ધ્યાનમાં લેતા એવી દલીલ કરવામાં આવી છે કે, દાવામાં માંગવામાં આવેલી મુખ્ય દાદ ધ ઈન્ડિયન પાર્ટનરશીપ એક્ટ, ૧૯૩૨ની કલમ ૬૯ની જોગવાઈ હેઠળ પ્રતિબંધિત હોવાથી અને વેચાણ દસ્તાવેજને પડકારવા બાબતની આનુષંગિક દાદ પણ મર્યાદાના કાયદા દ્વારા પ્રતિબંધિત હોવાથી, તેમજ મૂળ ભાગીદારો એટલે કે વાદીના પિતા અને પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૬ ના પિતાના અવસાનને ધ્યાનમાં લેતા, વાદી માટે દાવો દાખલ કરવા માટે અરજનું કોઈ કારણ ઉદ્ભવ્યું નથી, ટ્રાયલ કોર્ટ દ્વારા જે હુકમ પસાર કરવામાં આવ્યો છે તે સકારણ હુકમ નથી અને ધ ઈન્ડિયન પાર્ટનરશીપ એક્ટ, ૧૯૩૨ની કલમ ૬૯ અને મર્યાદા અધિનિયમને ધ્યાનમાં લેતા દાવો કેવી રીતે ટકવાપાત્ર છે તે અંગેની દલીલો પર ટ્રાયલ કોર્ટે વિચારણા કરી નથી અને અરજીમાં જણાવેલી હકીકતોને ધ્યાનમાં લેતા, વાદી પાસે દાવો દાખલ કરવા માટે અરજનું કોઈ કારણ નથી, ટ્રાયલ કોર્ટ સદર અરજી નામંજૂર કરી શકે નહીં અને હાલની સિવિલ રિવીઝન એપ્લિકેશન મંજૂર કરવી જરૂરી છે અને દાવો નકારી કાઢવો જરૂરી છે.

## ૩. વાદી–સામાવાળાની રજૂઆતો

૨૭. તેનાથી ઉલટું, વાદીઓ વતી હાજર રહેલા વિદ્ધાન સિનિયર એડવોકેટ શ્રી સંજય મહેતાએ એવી રજૂઆત કરી છે કે ધ કોડ ઓફ સિવિલ પ્રોસિજરના ઓર્ડર ૭ રૂલ ૧૧ હેઠળની અરજી પર વિચારણા કરતી વખતે, અદાલતે તેની તપાસ માત્ર દાવામાં કરવામાં આવેલા કથનો અને તેની સાથે જોડેલા દસ્તાવેજો પૂરતી જ મર્યાદિત રાખવી જરૂરી છે. માત્ર આવી વિચારણાના આધારે જ અદાલત નક્કી કરી શકે છે કે દાવો કાયદા દ્વારા પ્રતિબંધિત છે કે કેમ.

૨૮. એવી રજૂઆત કરવામાં આવી છે કે, હાલના કેસમાં, એ બાબતે કોઈ વિવાદ નથી કે બંને મૂળ ભાગીદારો એટલે કે વાદીઓના પિતા અને પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૬ ના પિતાનું અવસાન થયું છે, જેના પરિણામે ભાગીદારી પેઢીનું વિસર્જન થયું છે. વાદીઓ, ભાગીદારોમાંના એકના કાયદેસરના વારસદારો હોવાથી, વિસર્જન પામેલી પેઢીની મિલકતના સંબંધમાં દાદ મેળવવા માટે હાલનો દાવો સંસ્થિત કર્યો છે. તેથી, ધ ઇન્ડિયન પાર્ટનરશીપ એક્ટ, ૧૯૩૨ની કલમ ૬૯ હેઠળનો પ્રતિબંધ હાલના કેસમાં લાગુ પડશે નહીં, કારણ કે સદર દાવો અસ્તિત્વ ધરાવતી ભાગીદારીમાંથી ઉદ્ભવતા કરારબદ્ધ હકોના અમલીકરણને સંબંધિત નથી, પરંતુ વિસર્જન પામેલી પેઢીની અસ્કયામતોની વહેંચણી અને વિતરણ સાથે સંબંધિત છે. આથી, હાલની મિલકત ભાગીદારો વચ્ચે વહેંચવી પડશે.

૨૯. શ્રી મહેતાએ વધુમાં મારું ધ્યાન દાવાના ફકરા ૪ તરફ દોર્યું છે, જેમાં વિશિષ્ટ રીતે એવું કથન કરવામાં આવ્યું છે કે તારીખ ૧૫.૧૨.૧૯૮૩ ના કરાર દ્વારા, સામાવાળા નં. ૩ એ વાદી સાથે કરાર કર્યો હતો. એ નિર્દેશ કરવામાં આવ્યો છે કે સામાવાળા નં. ૪, જેઓ સદર મિલકતના માલિક છે, તેમણે અગાઉ ૧૨.૦૨.૧૯૮૨ ના રોજ સામાવાળા નં. ૩ સાથે કરાર કર્યો હતો. તારીખ ૧૫.૧૨.૧૯૮૩ ના કરારની શરતો અને બોલીઓ પર આધાર રાખીને એવી રજૂઆત કરવામાં આવી છે કે સદર કરારમાં સ્પષ્ટપણે નોંધવામાં આવ્યું છે કે સામાવાળા નં. ૩, સહી કરનાર તરીકે, વાદી અને/અથવા તેમના નિમણૂક પામેલ વ્યક્તિની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરી આપવા માટે બંધાયેલા હતા.

૩૦. વધુમાં, (વાદી અને સામાવાળા નં. ૩ વચ્ચે કરવામાં આવેલા) તારીખ ૧૯.૧૨.૧૯૮૩ ના કરાર પર આધાર રાખીને એવી રજૂઆત કરવામાં આવી છે કે વાદી દ્વારા સામાવાળા નં. ૩ ને રૂ. ૧,૦૦,૦૦૦/- ની વધારાની રકમ ચૂકવવામાં આવી હતી. પરિણામે, તેના અનુસંધાને સદર મિલકતનો કબજો વાદીને સોંપવામાં આવ્યો હતો. આ વિગતોના આધારે એવી દલીલ કરવામાં આવી છે કે સદર મિલકતનો કબજો વાદી પાસે સતત રહ્યો છે, અને તેથી, દાવામાં માંગવામાં આવેલી દાદ અન્ય આનુષંગિક જાહેરાતો ઉપરાંત આવા કાયદેસરના કબજાના રક્ષણ માટે પણ છે.

૩૧. વાદી માટેના વિદ્વાન સિનિયર એડવોકેટે વધુમાં આ અદાલતનું ધ્યાન સિવિલ સ્યુટ નં. ૧૪૩૫ / ૨૦૦૩ તરફ દોર્યું છે, જે પેઢી તિરૂપતિ કોર્પોરેશનના ભાગીદારો દ્વારા કાયમી મનાઈ હુકમની ડિક્રી મેળવવા માટે સંસ્થિત કરવામાં આવ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી છે કે જોકે સદર દાવો બંને ભાગીદારો દ્વારા સંયુક્ત રીતે દાખલ કરવામાં આવ્યો હતો, પરંતુ હયાત ભાગીદારે ત્યારબાદ તારીખ ૦૩.૦૮.૨૦૧૨ ના રોજ, મૃતક ભાગીદારના કાયદેસરના વારસદારોને પક્ષકાર તરીકે જોડ્યા વિના સદર દાવો પાછો ખેંચી લીધો હતો. વાદીઓએ દલીલ કરી હતી કે તેઓ સદર દાવો દાખલ કરવા વિશે કે ત્યારબાદ તે પાછો ખેંચવા વિશે માહિતગાર ન હતા, અને તેમને આ હકીકતોની જાણ સૌપ્રથમ માત્ર પાછળના તબક્કે થઈ હતી. તેથી એવી રજૂઆત કરવામાં આવી છે કે જે કાર્યવાહીની વાદીઓને જાણકારી ન હતી અથવા જેમાં તેમની ભાગીદારી ન હતી તેના આધારે તેમને દાદ મેળવતા અટકાવી શકાય નહીં.

૩૨. વાદી માટેના વિદ્વાન સિનિયર એડવોકેટે વધુમાં આ અદાલતનું ધ્યાન સિવિલ સ્યુટ નં. ૨૨૩૧/૨૦૦૩ તરફ દોર્યું છે, જે તારીખ ૧૫.૧૨.૧૯૮૩ ના કરારના નિષ્પાદક, સામાવાળા નં. ૩ દ્વારા સંસ્થિત કરવામાં આવ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી છે કે સદર દાવો મૂળ માલિક, સામાવાળા નં. ૪ દ્વારા સામાવાળા નં. ૩ ની તરફેણમાં કરવામાં આવેલા કરારના વિશિષ્ટ પાલન માટેનો હતો. જોકે, સદર દાવો ડિફોલ્ટના

કારણે રદ કરવામાં આવ્યો હતો, અને તેને પુનઃસ્થાપિત કરવા માટેની અરજી હાલમાં ન્યાયિક નિર્ણય માટે પડતર છે.

૩૩. વિદ્વાન સિનિયર એડવોકેટે તારીખ ૧૪.૧૧.૨૦૦૮ ના વેચાણ દસ્તાવેજ તરફ પણ ધ્યાન દોર્યું છે, જે પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૬ ના પિતા દ્વારા, તિરૂપતિ કોર્પોરેશનના ભાગીદાર તરીકેની તેમની ક્ષમતામાં, રજનીકાંત બેચરભાઈ પટેલ (હિન્દુ અવિભક્ત કુટુંબ) સાથે સંયુક્ત રીતે ભાગીદારીની મિલકતના સંબંધમાં કરવામાં આવ્યો હતો. એવી દલીલ કરવામાં આવી છે કે, ધ ઇન્ડિયન પાર્ટનરશીપ એક્ટ, ૧૯૩૨ની કલમ ૧૯ ને ધ્યાનમાં લેતા, અન્ય ભાગીદાર(ઓ)ની સંમતિ વિના એક ભાગીદાર દ્વારા આવો વ્યવહાર કાયદેસર રીતે કરી શકાય નહીં. આથી, સદર વેચાણ દસ્તાવેજ કાયદાની દ્રષ્ટિએ અનધિકૃત અને અમાન્ય કૃત્ય હોવાથી તેને પડકારવા માટે હાલનો દાવો દાખલ કરવામાં આવ્યો છે.

૩૪. ઉપરોક્ત ચુકાદાઓ પર આધાર રાખીને અને કરવામાં આવેલી રજૂઆતોને ધ્યાનમાં લેતા, એવી ભારપૂર્વક વિનંતી કરવામાં આવી છે કે વિદ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા કોઈ ભૂલ કરવામાં આવી નથી અને હાલની સિવિલ રિવીઝન એપ્લિકેશન નામંજૂર કરવી જરૂરી છે.

**૪. વિશ્લેષણ**

૩૫. સંબંધિત પક્ષકારોના વિદ્વાન સિનિયર એડવોકેટોને સાંભળ્યા પછી અને તેના દસ્તાવેજો સહિત હાલના દાવાની અરજીનું અવલોકન કરતા, રેકોર્ડ પર નીચે મુજબની સ્થિતિ સ્પષ્ટ થાય છે:

(૧) સદર દાવો તિરૂપતિ કોર્પોરેશનના ભાગીદારો દ્વારા સંસ્થિત કરવામાં આવ્યો છે, અને દાવાના ફકરા ૨ માં સ્પષ્ટપણે એવું કથન કરવામાં આવ્યું છે કે વાદીઓ સદર પેઢીના ભાગીદારો છે. સામાવાળા નં. ૧ ને તિરૂપતિ કોર્પોરેશનના ભાગીદાર હોવાની ક્ષમતામાં આ દાવામાં પક્ષકાર તરીકે જોડવામાં આવ્યા છે.

(૨) દાવામાં વધુમાં એવું જણાવવામાં આવ્યું છે કે ભાગીદારી પેઢી તિરૂપતિ કોર્પોરેશનનું વિસર્જન કરવામાં આવ્યું નથી.

(૩) જોકે ૧૯૮૩ નો કરાર ભાગીદારી પેઢી સાથે કરવામાં આવ્યો હતો, તેમ છતાં દાવામાં માંગવામાં આવેલી દાદમાં તારીખ ૧૯.૧૨.૧૯૮૩ ના કરારના વિશિષ્ટ પાલન માટેની ડિક્રીનો સમાવેશ થાય છે, જેનો દાવો વિશિષ્ટ રીતે માત્ર વાદીઓની તરફેણમાં કરવામાં આવ્યો છે.

(૪) દાવો પોતે જ એવું નોંધે છે કે તિરૂપતિ કોર્પોરેશનમાં માત્ર બે જ ભાગીદારો હતા, એટલે કે, નાનુભાઈ રણછોડભાઈ ભરવાડ, જેઓ વાદીઓના પૂર્વજ હતા, અને મણિલાલ છગનલાલ પટેલ, જેઓ

સામાવાળા નં. ૧ ના પૂર્વજ હતા, અને તે બંને ભાગીદારોનું ત્યારબાદ અવસાન થયું છે.

(૫) દાવો એ પણ પ્રગટ કરે છે કે સામાવાળા નં. ૧/૧ થી ૧/૬ ને હાલની કાર્યવાહીમાં પેઢીના ભાગીદારો તરીકે જોડવામાં આવ્યા છે, કારણ કે તેઓ મૃતક ભાગીદાર મણિભાઈ છગનભાઈ પટેલના હિતમાં ઉત્તરાધિકારી બન્યા છે.

(૬) વાદીઓએ નાનુભાઈ રણછોડભાઈ ભરવાડના કાયદેસરના વારસદારો તરીકે હાલનો દાવો સંસ્થિત કર્યો છે. જોકે, માંગવામાં આવેલી દાદ તારીખ ૧૯.૧૨.૧૯૮૩ ના કરારના વિશિષ્ટ પાલન માટે કાં તો ભાગીદારી પેઢી તિરૂપતિ કોર્પોરેશનની તરફેણમાં અથવા બંને મૃતક ભાગીદારોના કાયદેસરના વારસદારોની તરફેણમાં સંયુક્ત રીતે નથી, પરંતુ માત્ર વાદીઓની તરફેણમાં છે.

(૭) સદર દાવો તારીખ ૧૯.૧૨.૧૯૮૩ ના કરારના અમલીકરણને સંબંધિત છે, જે સામાવાળા નં. ૩ દ્વારા વાદીઓની તરફેણમાં કરવામાં આવ્યો હતો. રેકોર્ડ વધુમાં સૂચવે છે કે સામાવાળા નં. ૩ એ અગાઉ સામાવાળા નં. ૪ અને ૫ દ્વારા તેમની તરફેણમાં કરવામાં આવેલા કરારના વિશિષ્ટ પાલન માટે એક અલગ દાવો દાખલ કર્યો હતો, જે રદ કરવામાં આવ્યો હતો (જેના માટેની પુનઃસ્થાપિત કરવાની અરજી પડતર છે).

(૮) એ પણ સ્વીકૃત સ્થિતિ છે કે ભાગીદારી પેઢી તિરૂપતિ કોર્પોરેશન દ્વારા મનાઈ હુકમની દાદ માંગવા માટે એક અલગ સિવિલ સ્યુટ, એટલે કે સિવિલ સ્યુટ નં. ૧૪૩૫/૨૦૦૩ સંસ્થિત કરવામાં આવ્યો હતો. જોકે, તે તબક્કે પણ, ભાગીદારી પેઢી માટે અને તેના વતી તારીખ ૧૯.૧૨.૧૯૮૩ ના કરારના વિશિષ્ટ પાલન માટેની કોઈ દાદ માંગવામાં આવી ન હતી અને સદર દાવો ત્યારબાદ તારીખ ૦૩.૦૮.૨૦૧૨ ના રોજ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો.

૩૬. વાદી તારીખ ૧૯.૧૨.૧૯૮૩ ના રોજ કરવામાં આવેલા કરારના આધારે સદર મિલકત પર પોતાના કબજાના હકનો દાવો કરે છે, અને એવી રજૂઆત કરે છે કે આવો કબજો સદર કરારની શરતો હેઠળ પ્રાપ્ત થયેલ છે અને તેના દ્વારા સુરક્ષિત છે.

વાદનું કારણ

ભાગીદારી અધિનિયમની કલમ ૪૨(સી)

૩૭. સૌ પ્રથમ અને સૌથી અગત્યનું, ધ ઈન્ડિયન પાર્ટનરશીપ એક્ટ, ૧૯૩૨ની કલમ ૪૨(સી) ની જોગવાઈઓ હેઠળ, જો તેનાથી વિપરીત કોઈ વિશિષ્ટ કરાર અસ્તિત્વમાં ન હોય તો, ભાગીદારના મૃત્યુથી ભાગીદારીનું વિસર્જન થાય છે. આ કાયદો એ સિદ્ધાંત પર ચાલે છે કે ભાગીદારી પક્ષકારો વચ્ચેના પરસ્પર વિશ્વાસ, શ્રદ્ધા અને વ્યક્તિગત સંમતિ પર આધારિત છે. પરિણામે, જ્યારે ભાગીદારોમાંના એકનું મૃત્યુ થાય છે, ત્યારે પરસ્પર

એજન્સીનો સંબંધ, જે ભાગીદારીનો સાર છે, તે અસ્તિત્વમાં રહેતો બંધ થાય છે. ભાગીદારના મૃત્યુ પછી ચાલુ રાખવાની પરવાનગી આપતા સ્પષ્ટ કરારના અભાવે, કાયદાના અમલ દ્વારા વિસર્જન આપોઆપ થાય છે.

૩૮. હાલના કેસમાં, ભાગીદારી પેઢી તિરૂપતિ કોર્પોરેશનમાં માત્ર બે જ ભાગીદારો હતા, એટલે કે નાનુભાઈ રણછોડભાઈ ભરવાડ, જેઓ વાદીઓના પૂર્વજ હતા, અને મણિલાલ છગનલાલ પટેલ, જેઓ સામાવાળા નં. ૧ ના પૂર્વજ હતા. કોઈપણ ભાગીદારના મૃત્યુ પર, સદર પેઢી કાયદેસર રીતે અસ્તિત્વમાં ચાલુ રહી શકે નહીં કારણ કે ભાગીદારીના પાયાની રચના માટે ઓછામાં ઓછી બે જીવિત વ્યક્તિઓની જરૂર હોય છે. ભાગીદારી દસ્તાવેજમાં ભાગીદારના મૃત્યુ પર કાયદેસરના વારસદારોને સામેલ કરવાની પરવાનગી આપતી કલમ, જે ભાગીદારીનું વિસર્જન થઈ ગયું છે તેને પુનર્જીવિત કરી શકે નહીં અથવા તેની પુનઃરચના કરી શકે નહીં. આવો પ્રવેશ માત્ર ત્યાં જ થઈ શકે જ્યાં ભાગીદારી અસ્તિત્વમાં ચાલુ હોય.

૩૯. તેથી, કોઈપણ ભાગીદારના મૃત્યુ પર, ધ ઈન્ડિયન પાર્ટનરશીપ એક્ટ, ૧૯૩૨ની કલમ ૪૨(સી) હેઠળ પેઢીનું વિસર્જન થયું હતું. એકવાર વિસર્જન થયા પછી, ભાગીદારી પેઢીનું કોઈ કાયદેસરનું અસ્તિત્વ રહેતું નથી, અને કોઈ ભાગીદાર અથવા કાયદેસરના વારસદાર તે પેઢીના નામે કોઈ કાર્યવાહી કરી શકે નહીં અથવા તેનો બચાવ કરી શકે નહીં.

વાદીઓનો દાવો, તેથી, અસ્તિત્વ ન ધરાવતી સંસ્થા પર આધારિત છે અને કાયદામાં ટકી શકે નહીં.

**વાદીઓ દ્વારા વિશિષ્ટ પાલન માટેની સદર અરજ ટકવાપાત્ર નથી**

૪૦. ઉપરોક્ત અવિવાદિત હકીકતોને ધ્યાનમાં લેતા, એ સ્પષ્ટ થાય છે કે હાલની કાર્યવાહીમાં વિવાદ પેઢી તિરૂપતિ કોર્પોરેશનના ભાગીદારો દ્વારા રજૂ કરવામાં આવેલા દાવાઓમાંથી ઉદભવે છે, જેમણે સદર પેઢી પાસેથી મેળવેલા હકોના આધારે દાવો દાખલ કર્યો છે. સદર પેઢીનો સામાવાળા નં. ૩ સાથે કરાર/એગ્રીમેન્ટ છે.

૪૧. વાદીઓ વધુમાં તારીખ ૧૯.૧૨.૧૯૮૩ ના પુરક કરાર હેઠળ અંશતઃ પાલનના સિદ્ધાંતને આધિન કબજા અને માલિકીનો હક ધરાવતા હોવાનું જણાવે છે, જે કરાર પણ સામાવાળા નં. ૩ દ્વારા કરવામાં આવ્યો હતો. પરિણામે, વાદીઓએ તેમની તરફેણમાં તારીખ ૧૯.૧૨.૧૯૮૩ ના કરારના વિશિષ્ટ પાલન માટે અરજ કરેલ છે.

૪૨. રેકોર્ડ પરથી વધુમાં એવું જણાય છે કે વાદીઓએ પેઢી તિરૂપતિ કોર્પોરેશનના ભાગીદારો તરીકેની તેમની ક્ષમતામાં હાલનો દાવો સંસ્થિત કર્યો છે, છતાં માંગવામાં આવેલી દાદ વિશિષ્ટ રીતે માત્ર પોતાની તરફેણમાં તારીખ ૧૯.૧૨.૧૯૮૩ ના કરારના વિશિષ્ટ પાલન માટેની છે. જોકે, સદર કરાર ભાગીદારી પેઢી સાથે કરવામાં આવ્યો હતો અને વ્યક્તિગત ભાગીદારો સાથે નહીં. તેથી, જ્યારે વાદીઓ પેઢીનું

પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરે છે, ત્યારે માંગવામાં આવેલી દાદ વ્યક્તિગત સ્વરૂપની છે અને પેઢી વતી નથી, જેનાથી જે ક્ષમતામાં દાવો દાખલ કરવામાં આવ્યો છે અને જે પ્રકારની દાદ માંગવામાં આવી છે તે વચ્ચે વિસંગતતા ઊભી થાય છે.

૪૩. આ તબક્કે, ધ સ્પેસિફિક રિલીફ એક્ટ, ૧૯૬૩ ની કલમ ૧૫ નો ઉલ્લેખ કરવો ઉચિત છે:

> ૧૫. કોણ વિશિષ્ટ પાલન મેળવી શકે. — આ પ્રકરણ દ્વારા અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, કરારનું વિશિષ્ટ પાલન નીચેના દ્વારા મેળવી શકાય છે—
>
> (એ) તેનો કોઈપણ પક્ષકાર;
>
> (બી) તેના કોઈપણ પક્ષકારના હિતના પ્રતિનિધિ અથવા મુખ્ય વ્યક્તિ (principal): શરત એ છે કે જ્યાં તે પક્ષકારની વિદ્વત્તા, કૌશલ્ય, સદ્ધરતા અથવા કોઈપણ વ્યક્તિગત ગુણ એ કરારમાં મહત્વનું તત્વ હોય, અથવા જ્યાં કરાર એવી જોગવાઈ કરતો હોય કે તેના હિતનું હસ્તાંતરણ કરી શકાશે નહીં, ત્યાં તેના હિતના પ્રતિનિધિ અથવા તેની મુખ્ય વ્યક્તિ કરારના વિશિષ્ટ પાલન માટે હકદાર રહેશે નહીં, સિવાય કે તે પક્ષકારે કરારનો પોતાનો ભાગ પહેલેથી જ પૂર્ણ કર્યો હોય, અથવા તેના હિતના પ્રતિનિધિ અથવા તેની મુખ્ય વ્યક્તિ દ્વારા તેનું પાલન અન્ય પક્ષકાર દ્વારા સ્વીકારવામાં આવ્યું હોય;
>
> (સી) જ્યાં કરાર લગ્ન અંગેનું પતાવટપત્ર હોય, અથવા એક જ પરિવારના સભ્યો વચ્ચે શંકાસ્પદ હકોની સમાધાનની સમજૂતી હોય, તો તેના હેઠળ લાભ મેળવવા માટે હકદાર કોઈપણ વ્યક્તિ;

(ડી) જ્યાં આજીવન ભાડૂત (tenant for life) દ્વારા સત્તાના યોગ્ય ઉપયોગમાં કરાર કરવામાં આવ્યો હોય, તો તેના પછીના હકદાર વ્યક્તિ (remainderman);

(ઇ) કબજો ધરાવનાર રિવર્ઝનર (reversioner), જ્યાં કરાર તેના પુરોગામી સાથે કરવામાં આવેલી શરત હોય અને રિવર્ઝનર આવી શરતના લાભ માટે હકદાર હોય;

૪૪. જોકે, રેકોર્ડ પરથી એ અત્યંત સ્પષ્ટ થાય છે કે ભાગીદારી પેઢી તિરૂપતિ કોર્પોરેશન હવે અસ્તિત્વમાં નથી, કારણ કે તેના બે ભાગીદારોના અવસાન પર તેનું વિસર્જન થઈ ગયું છે. આ બાબતે પક્ષકારો વચ્ચે કોઈ વિવાદ નથી. કારણ કે ત્યાં માત્ર બે જ ભાગીદારો હતા, તેથી એકના અવસાનના પરિણામે પેઢીનું આપોઆપ વિસર્જન થયું હતું.

૪૫. તેનું વિસર્જન થઈ ગયું હોવાથી, વાદી માટે કરારના વિશિષ્ટ પાલન માટે અરજનું કોઈ કારણ પ્રગટ થતું નથી. તે પણ, માત્ર વાદીઓ પૂરતું જ. તેથી, સારાંશમાં, તે સદર કરારનું વિશિષ્ટ પાલન પણ નથી. આ એટલા માટે છે કારણ કે, વાદી સાથે કોઈ કરાર નથી, જેના પાલન માટે વાદી અરજ કરી શકે.

૪૬. (૨૦૦૮) એસ.સી.સી. ઓનલાઇન ડેલી ૧૭૮૬ માં અહેવાલ થયેલ રાઉન્ડ ધ ક્લોક સ્ટોર્સ લિ. વિ. અગ્રવાલ એન્ટરટેઈનમેન્ટ પ્રા. લિ. ના કેસમાં, દિલ્હી હાઈકોર્ટે ૧૯૬૩ ના અધિનિયમની કલમ ૧૫ ના અથઘટન પર નીચે મુજબ ઠરાવ્યું હતું:

૭. હાલની અરજીમાં ન્યાયિક નિર્ણય લેવા માટે, તે જરૂરી જોગવાઈઓની તપાસ કરવી આવશ્યક બને છે જે તે નક્કી કરે છે કે વિશિષ્ટ પાલનના દાવામાં કોણ યોગ્ય પક્ષકાર ગણાય. ધ સ્પેસિફિક રિલીફ એક્ટ, ૧૯૬૩ ની કલમ ૧૫ સ્પષ્ટપણે ઠરાવે છે કે માત્ર તે બે વ્યક્તિઓ જેમણે કથિત કરાર/એગ્રીમેન્ટ કરેલ છે, જેના વિશિષ્ટ પાલન માટે અરજ કરવામાં આવી છે, તેઓ જ વિશિષ્ટ પાલનના દાવામાં આવશ્યક અને યોગ્ય પક્ષકારો છે. ધ સ્પેસિફિક રિલીફ એક્ટ, ૧૯૬૩ ની કલમ ૧૫ ના આધારે, કરારનું વિશિષ્ટ પાલન તેના કોઈપણ પક્ષકાર દ્વારા અથવા તેના કોઈપણ પક્ષકારના હિતના પ્રતિનિધિ અથવા મુખ્ય વ્યક્તિ (principal) દ્વારા અથવા કાયદાની કલમ ૧૫ માં જે વ્યક્તિઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે તેમના દ્વારા મેળવી શકાય છે.

૪૭. જોકે, "હિતના પ્રતિનિધિ" શબ્દનું અર્થઘટન માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા અનેક ચુકાદાઓમાં કરવામાં આવ્યું છે અને હાલના વાદીઓ સદર શ્રેણીમાં આવતા નથી [જુઓ: કપિલાબેન અને અન્ય વિ. અશોકકુમાર જયંતિલાલ શેઠ, (૨૦૨૦) ૨૦ એસ.સી.સી. ૬૪૮ ફકરો ૨૪]. વાદીઓ પોતે પણ પેઢીના હિતના પ્રતિનિધિઓ હોવાનું જણાતું નથી. જો તેમ હોત, તો પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૬ પણ સમાન સ્તરે હોત.

૪૮. દાવામાં માંગવામાં આવેલી અન્ય એક વિચિત્ર દાદ માત્ર વાદીઓ પૂરતું જ કરારનું વિશિષ્ટ પાલન મંજૂર કરવાની છે. તેથી પણ, માંગવામાં આવેલી અરજ વાસ્તવમાં કરારના વિશિષ્ટ પાલન માટેની નથી. આ એટલા માટે છે કારણ કે, પક્ષકારો વચ્ચે જે કરાર કરવામાં આવ્યો છે તેનું જ પાલન કરાવવું જરૂરી છે. વાદી સદર કરારનું માત્ર પોતાની તરફેણમાં જ

અમલીકરણ માંગી શકે નહીં. તેથી પણ, હાલનો દાવો અરજનું કોઈ કારણ પ્રગટ કરતો નથી.

૪૯. તેથી, જ્યાં સુધી કરાર જે સ્વરૂપમાં કરવામાં આવ્યો હતો તે જ સ્વરૂપમાં તેની માંગ કરવામાં ન આવે ત્યાં સુધી કરારનું વિશિષ્ટ પાલન કે અમલીકરણ થઈ શકે નહીં. એવી કોઈ રીત નથી કે જેના દ્વારા કરારનું વિશિષ્ટ પાલન માત્ર વાદીઓ પૂરતું જ માંગી શકાય.

૫૦. જો વાદીની દલીલ એવી હોય કે કરારમાં એવી જોગવાઈ હતી કે વેચાણ દસ્તાવેજ પ્રસ્તાવિત ખરીદનાર જે વ્યક્તિનો નિર્દેશ કરે તેની તરફેણમાં કરી શકાય, તો તે દલીલ સ્વીકારી શકાય નહીં કારણ કે, વાદી પોતાની વ્યક્તિગત ક્ષમતામાં પ્રસ્તાવિત ખરીદનાર નથી, પરંતુ સદર પેઢી પ્રસ્તાવિત ખરીદનાર છે.

**આભાસી અરજનું કારણ**

૫૧. વધુ એક પાસું જે વિચારણાને પાત્ર છે તે વાદીઓનું વર્તન છે, જે સ્પષ્ટપણે 'એપ્રોબેશન અને રિપ્રોબેશન' (એકસાથે હા અને ના કહેવી) પ્રતિબિંબિત કરે છે. એક તરફ, ધ ઈન્ડિયન પાર્ટનરશીપ એક્ટની કલમ ૬૯ હેઠળના વૈધાનિક પ્રતિબંધને દૂર કરવાના હેતુથી, વાદીઓ પેઢી તિરૂપતિ કોર્પોરેશનના અસ્તિત્વનો અસ્વીકાર કરવા માંગે છે, એવી દલીલ કરે છે કે ભાગીદારોના મૃત્યુ પર પેઢીનું વિસર્જન થયું હતું અને હાલનો દાવો તેમની વ્યક્તિગત ક્ષમતામાં દાખલ કરવામાં આવ્યો છે.

બીજી તરફ, અરજનું કારણ પ્રસ્થાપિત કરવા અને તારીખ ૧૫.૧૨.૧૯૮૩ અને ૧૯.૧૨.૧૯૮૩ ના કરારો હેઠળ હકોનો દાવો કરવાના હેતુથી, વાદીઓ પોતાને સદર પેઢીના ભાગીદારો તરીકે દર્શાવે છે અને સદર પેઢીની તરફેણમાં કરવામાં આવેલા કરારોના વિશિષ્ટ પાલનની માંગ કરે છે.

૫૨. આવા પરસ્પર વિરોધી બચાવોની કાયદામાં પરવાનગી આપી શકાય નહીં. કોઈ પક્ષકારને એક જ શ્વાસે 'એપ્રોબેટ અને રિપ્રોબેટ' કરવાની પરવાનગી આપી શકાય નહીં, એટલે કે જ્યારે કલમ ૬૯ ના પ્રતિબંધનો સામનો કરવાનો હોય ત્યારે પેઢીના અસ્તિત્વનો ઇનકાર કરવો, છતાં તેના કરારોમાંથી ઉદ્ભવતા કથિત હકોનો દાવો કરતી વખતે તેના અસ્તિત્વને સ્વીકારવું. સુસંગતતા અને ન્યાયીપણાનો સિદ્ધાંત માંગ કરે છે કે દાવેદાર બંને પક્ષે લાભ મેળવવા માટે પરસ્પર વિરોધી વલણ અપનાવી શકે નહીં. એકવાર વાદીઓ પોતે સ્વીકારે કે ભાગીદારી પેઢીનું અસ્તિત્વ સમાપ્ત થઈ ગયું છે, પછી તેઓ તેના નામે અથવા તેના કરારો દ્વારા કરારબદ્ધ હકોનો દાવો એકસાથે કરી શકે નહીં.

